મુખ્ય સેવિકા, વર્ગ-૩ માંથી બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ માં બઢતી આપવા માટે સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0949/B1

સચિવાલય,ગાંધીનગર

**<u>પ્રસ્તાવના:-</u>**

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત મુખ્ય સેવિકા, વર્ગ-૩ માંથી બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ માં બઢતી માટે પસંદગી સમિતિની રચના અદ્યતન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ:</u>**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨માં બઢતી આપવા માટે નીચે મુજબની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨ | કમિશ્નરશ્રી/નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્યશ્રી |
| ૩ | અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી(આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૪ | નાયબ નિયામકશ્રી/મદદનીશ નિયામકશ્રી (મહેકમ/વહીવટ) (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્ય સચિવશ્રી |

આ સમિતિ સરકારશ્રીના બઢતી આપવા અંગેના પ્રવર્તમાન નીતિનિયમ/ધારાધોરણની તમામ સૂચનાનાં પાલન સાથે બઢતી મંજૂર કરવાની દરખાસ્તો પર વિચારણા કરી, સરકારશ્રીને ભલામણ કરશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

કૃણાલ હિંગુ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.'
- કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.10.10
16:53:58 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign